# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/333 Dt. 12/02/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે મુંબઇ ખાતે ટેક્ષ્ટાઈલ કમિશનર સુશ્રી વૃંદા દેસાઇ સમક્ષ વિવિધ મુદ્દાઓને લઇ રજૂઆત કરી

### લેબર ઇન્ટેન્સીવ ટેક્ષ્ટાઇલ સેકટર માટે હાલમાં જ બજેટમાં કરાયેલી ઇન્ટીગ્રેટેડ પ્રોગ્રામની જાહેરાત અંતર્ગત નવી ટીટીડીએસ (ટેક્ષ્ટાઇલ ટેકનોલોજી ડેવલપમેન્ટ સ્કીમ) સ્કીમ અથવા તો એ–ટફ સ્કીમ આપવા રજૂઆત કરાઇ

### સુરત જેવા મોટા ટેક્ષ્ટાઇલ કલસ્ટરમાં ઉત્પાદનની ગુણવત્તા સુધરે, એમ.એમ.એફ.નું પ્રોડકશન વધે અને એક્ષ્પોર્ટ માર્કેટમાં પરફોર્મન્સ સારું બને તે માટે ચેમ્બર ખાતે કોમન ફેસિલિટી સેન્ટર એસ્ટાબ્લિશ થાય તેવી માંગણી કરાઇ

### ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સુરત જેવા મોટા ટેક્ષ્ટાઇલ કલસ્ટરને સસ્ટેનેબલ મેન્યુફેકચરિંગ પ્રેકિટસિસ અને વોટર મેનેજમેન્ટ (સીઇટીપી) ક્ષેત્ર માટે સ્પેશિયલ ફંડ અને સ્કીમની માંગણી કરી, સાથે જ પીએમ મિત્રા પાર્કની ગતિવિધિ વધે તે હેતુથી બાંધકામ પ્રક્રિયા તાત્કાલિક ધોરણે આગળ વધારવા પ્રયાસો કરવા રજૂઆત કરાઇ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાના નેજા હેઠળ ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ચેમ્બરની ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશીષ ગુજરાતી અને ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના એડવાઇઝર શ્રી એસ.પી. વર્મા સહિતના પ્રતિનિધિ મંડળે ગતરોજ મુંબઇ ખાતે ભારતના ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી વૃંદા મનોહર દેસાઇ (IRS)ને રૂબરૂ મળીને મહત્વના વિવિધ મુદ્દાઓ સંદર્ભે રજૂઆત કરી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે રજૂઆત કરી હતી કે, ભારત સરકાર દ્વારા હાલમાં જ બજેટમાં લેબર ઇન્ટેન્સીવ ટેક્ષ્ટાઇલ સેકટર માટે ઇન્ટીગ્રેટેડ પ્રોગ્રામની જાહેરાત કરી છે, જેમાં ટ્રેડિશનલ ટેક્ષ્ટાઇલ કલસ્ટરને ટેકનોલોજી અપગ્રેડેશન માટે કેપિટલ સપોર્ટ આપવાની વાત કરી છે. ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ટેક્ષ્ટાઇલ કમિશનરને જણાવ્યું હતું કે, આ સ્કીમ અંતર્ગત નવી ટીટીડીએસ (ટેક્ષ્ટાઇલ ટેકનોલોજી ડેવલપમેન્ટ સ્કીમ) સ્કીમ અથવા તો એ–ટફ સ્કીમ આપવામાં આવે.

ભારત સરકાર દ્વારા ટેક્ષ્ટાઇલ ઇકો ઇનિશિએટીવ્ઝની જાહેરાત કરવામાં આવી છે, જેના અંતર્ગત પણ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સુરત જેવા મોટા ટેક્ષ્ટાઇલ કલસ્ટરને સસ્ટેનેબલ મેન્યુફેકચરિંગ પ્રેકિટસિસ અને વોટર મેનેજમેન્ટ (સીઇટીપી) ક્ષેત્ર માટે સ્પેશિયલ ફંડ અને સ્કીમની માંગણી કરી હતી.

સુરત નજીક નવસારી પાસે ફાળવવામાં આવેલા પીએમ મિત્રા પાર્કની ગતિવિધિ વધે તે હેતુથી બાંધકામ પ્રક્રિયા તાત્કાલિક ધોરણે આગળ વધે તે માટે પ્રયાસો કરવા રજૂઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત, સુરત જેવા મોટા ટેક્ષ્ટાઇલ કલસ્ટરમાં ઉત્પાદનની ગુણવત્તા સુધરે, એમ.એમ.એફ.નું પ્રોડકશન વધે અને એક્ષ્પોર્ટ માર્કેટમાં પરફોર્મન્સ સારું બને તે માટે ચેમ્બર ખાતે કોમન ફેસિલિટી સેન્ટર એસ્ટાબ્લિશ થાય તેવી માંગણી પણ ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા ટેક્ષ્ટાઇલ કમિશનર સમક્ષ કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા ટેક્ષ્ટાઇલ કમિશનર સમક્ષ વિવિધ મુદ્દાઓ અંગે કરાયેલી વિગતવાર રજૂઆતોને ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી વૃંદા દેસાઇએ શાંતિપૂર્વક સાંભળી હતી અને ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સરકાર ઉદ્યોગ જગતના હિતોને પ્રાથમિકતા આપે છે અને ટેક્ષ્ટાઇલ ક્ષેત્રના વિકાસ માટે જરૂરી તમામ સહકાર આપવા પ્રતિબદ્ધ છે.

ટેક્ષ્ટાઇલ કમિશનરે વધુમાં કહ્યું હતું કે, ચેમ્બર દ્વારા રજૂ કરવામાં આવેલા મુદ્દાઓ પર વિચારણા કરી સંબંધિત વિભાગો સાથે સંકલન સાધી યોગ્ય નિર્ણયો લેવાશે. ટેક્ષ્ટાઇલ ક્ષેત્રને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે નવી નીતિઓ, ટેકનોલોજી અપગ્રેડેશન અને નિકાસ પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. અંતમાં તેમણે ચેમ્બર અને ઉદ્યોગકારો સાથે સતત સંવાદ જાળવી સહકારપૂર્વક કાર્ય કરવાની લાગણી વ્યકત કરી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી વૃંદા દેસાઇને આગામી તા. ૨૫ અને ૨૬ ફેબ્રુઆરીના રોજ સુરતની મુલાકાત માટે ચેમ્બર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું, જે તેમણે સહર્ષ સ્વીકાર્યું છે. ટેક્ષ્ટાઇલ કમિશનર બે દિવસ દરમ્યાન સુરતના ઉદ્યોગોની મુલાકાત લેશે અને ઉદ્યોગના વિવિધ પ્રશ્નોને સાંભળશે. વધુમાં, ટેક્ષ્ટાઇલ કમિશનરે ઉદ્યોગના દરેક સેગમેન્ટની રૂબરૂ મુલાકાત લેવાની ઇચ્છા દર્શાવી હતી.